ફોર્મ ફી રૂા.૧૦૦/-

## -:સરદાર પટેલ સ્ટેડીયમ ક્રિકેટ મેચ રમત માટેનું અરજી ફોર્મ :-

**એસ્ટેટ ઓફીસરશ્રી,**
**એસ્ટેટ ખાતુ**

**મે.સાહેબ,**

નીચે જણાવેલ હેતુ માટે સરદાર પટેલ સ્ટેડીયમમાં ક્રિકેટ મેચ રમવા માટે હું અરજી કરૂ છું. આ અંગેનાં નિતિ-નિયમો / શરતો મેં વાંચ્યા છે. અને તેનું સંપૂર્ણપણે બાંયધરી આપું છું.

(૧) અરજદાર વ્યકિત્ત/ સંસ્થા નું નામ :-

(૨) પત્ર વ્યવહાર કરવાનું સરનામુ :- ..................................................
..................................................
..................................................

ફોન નં. / મોબાઇલ નં. :- ..................................................

(૩) વપરાશનો હેતુ :- ક્રિકેટ મેચ

(૪) વપરાશ ની તારીખ :- તા. / /૨૦ થી તા. / /૨૦

(૫) વપરાશ નો સમય (પ્રત્યેક મેચ મુજબ) :- ..................................................

## (બ) સરદાર પટેલ સ્ટેડીયમ ક્રિકેટ મેચ રમવા માટે ગ્રાઉન્ડ ફાળવવાની શરતો

૧. સ.પ.સ્ટેડીયમમાં ક્રિકેટ રમતની સીઝન તા.૦૧ ઓકટોમ્બર થી તા.૩૧ મે સુધી ગણવાની રહેશે. બાકીનો સમય મેદાનનાં મરામત અને જાળવણી માટે ફાળવવામાં આવશે.

૨. સ.પ.સ્ટેડિયમનું ગ્રાઉન્ડ ક્રિકેટ માટે દરેક અઠવાડીયાના સોમવાર અને મંગળવાર ના રોજ મેઇન્ટેન્સ દિવસો હોવાથી ફાળવી શકાશે નહી.

૩. સ.પ.સ્ટેડિયમમાં ક્રિકેટની રમત માટે વહેલા તે પહેલા ધોરણે અરજી કરવાથી ફાળવણી કરવામાં આવશે.

૪. સ.પ.સ્ટેડિયમનાં મુખ્ય મેદાનમાં કોચીગ કેમ્પનાં તાલીમાર્થીઓએ કોચીગ કે ફીટનેશ માટે પ્રવેશ કરવાનો રહેશે નહી.

૫. સ.પ.સ્ટેડિયમમાં ક્રિકેટ મેચ રમવા માટે **સીઝન દડાનો** જ ઉપયોગ કરવાનો રહેશે.અન્ય કોઇપણ પ્રકારના દડાનો ઉપયોગ કરી શકાશે નહી.

૬. સક્ષમ સત્તાની મળેલ મંજુરી અનુસાર જે સંસ્થાને ક્રિકેટ મેચ રમવા ગ્રાઉન્ડ ફાળવેલ હોય તે સિવાય અન્ય કોઇને ગ્રાઉન્ડ મેચ માટે પેટા ભાડે આપેલ માલુમ પડશે તો તાત્કાલીક અસરથી જે તે સંસ્થાને બરતરફ કરવામાં આવશે અને ભરેલ નાંણા ભાડુ / ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

**૭. સ.પ.સ્ટેડીયમમાં કોઇપણ અરજદાર વ્યક્તિ/સંસ્થા દ્વારા ગ્રાઉન્ડમાં એકથી વધુ ક્રિકેટ મેચ (સવારે ૮.૦૦ થી સાંજે ૫.૦૦) રમાડવામાં આવશે તો બાકીની પ્રત્યેક મેચ દીઠ નક્કી થયેલ ભાડાનાં ૫૦% રકમ અલગથી ભરપાઇ** કરવાની રહેશે.

૮. સ.પ.સ્ટેડિયમ ક્રિકેટ મેચ રમવા માટે કોઈપણ સંજોગોમાં ટોકન ભાડાથી ફાળવી શકાશે નહીં. ખાસ કિસ્સામાં પ્રાયોરીટી ફાળવણી થઇ શકશે.

૯. અરજદારશ્રી ને સ.પ.સ્ટેડિયમ વાપરવાની તારીખમાં ફેરફાર કરવો હશેતો બુક કરાવેલ તારીખથી સાત દિવસ પહેલા અરજી કરવાથી અધિકારીશ્રીને યોગ્ય જણાશેતો માંગણી મુજબ ની તારીખ ખાલી હશેતો ભરેલ ભાડા નાં ૧૦% લઇ ટ્રાન્સફર સ.પ.સ્ટેડીયમની બુકીંગ ની તારીખમાં ફેરફાર કરી આપવામાં આવશે.

૧૦. પૂર્વ પરવાનગી લીધા સિવાય સ.પ.સ્ટેડીયમનાં કેમ્પસમાં કોઇને પણ રાત્રીરોકાણ કરવા દેવામાં આવશે નહી.

૧૧. સ.પ.સ્ટેડિયમના ભાડા નાં નાણાં પ્રત્યેક ક્રિકેટ મેચ દીઠ ભરવાના રહેશે. જે અ.મ્યુ.કો.ના સીટી સિવિક સેન્ટરમાં ભરવાનાં રહેશે.

૧૨. સ.પ.સ્ટેડિયમ ક્રિકેટ મેચ માટે બુકિંગ કરાવનાર પાર્ટીએ ભાડા ઉપર લાગતો સર્વિસ ટેક્ષ તથા સરકારી અને અર્ધ સરકારી ટેક્ષ તેમજ જરૂરી પરવાના પાર્ટીએ પોતે ભરવાના/મેળવવાના રહેશે.તેમજ ડિપોઝીટનો પે-ઓર્ડર **"મ્યુનિસિપલ કમિશનર,અમદાવાદ"** ના નામનો એસ્ટેટ પબ્લીક હોલ વિભાગે બુકિંગ તારીખ(મેચની)ના **દિન-૦૭** માં જમાં કરાવવાનાં રહેશે. એસ્ટેટ ખાતેથી સ્ટેડીયમ વાપરવાની પરમીટ સાત દિવસ અગાઉ મેળવવાની રહેશે. અને પરમીટ મેળવી તાકીદે ગ્રાઉન્ડમેનનો સંપર્ક સાધી ગ્રાઉન્ડમેનને મેદાન તૈયાર રાખવા જણાવવાનું રહેશે.

૧૩. સ.પ.સ્ટેડીયમ ગ્રાઉન્ડ ક્રિકેટ મેચ રમવા માટે શૈક્ષણિક સંલગ્ન સંસ્થાઓ, એન.જી.ઓ., વિકલાંગો, તેમજ ચેરીટી સંસ્થાઓને પણ નિતી-નિયમ મુજબ નક્કી થયેલ ભાડુ/ડિપોઝીટ ભરવાનુ રહેશે.

૧૪. સ.પ.સ્ટેડિયમમાં ક્રિકેટ મેચ શિસ્તબધ્ધ અને નિયમ મુજબ નિયત કરેલ ડ્રેસમાં અને એમ્પાયર સાથે રમાવાની રહેશે.તેમજ ક્રિકેટનાં અનુશાષનનું સંપૂર્ણ પણે પાલન કરાવાનું રહેશે. જો ઉપરોક્ત શરતોનો ભંગ થયેલ માલુમ પડશે તો મ્યુનિ.ઇન્સ્ટ્રક્ટર / અધિકારીઓની સુચના મુજબ જે તે કાર્યક્રમ તાત્કાલિક અસર થી બંધ કરવાની ફરજ પાડવામાં આવશે જેનું અરજદારે ચુસ્તપાલન કરવાનું રહેશે.

૧૫. સરદાર પટેલ સ્ટેડીયમ ક્રિકેટ મેચ માટે બુકીંગ કરાવનાર સંસ્થા / અરજદાર જો થયેલ બુકીંગ રદ કરાવશે તો ભરેલ નાણાં પરત મળી શકશે નહી. પરંતુ મ્યુનિ.કોર્પો. દ્વારા આંતરરાષ્ટ્રીય, રાષ્ટ્રીય,સરકારી,અર્ધ-સરકારી કાર્યક્રમ સારૂ સ.પ.સ્ટેડીયમનો ઉપયોગ કરવાનો થશે. ત્યારે કરેલ રીઝર્વેશન મ્યુનિ.કમિશનરશ્રી કોઇપણ જાતની જાણ કર્યા સિવાય રદ્દ કરી શકશે. જે બુકીંગ કરાવનાર સંસ્થા / અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.અરજદાર તરફથી કરવામાં આવેલ ખર્ચ માટે મ્યુનિ.કોર્પોરેશન જવાબદાર ગણાશે નહી.આ સંજોગોમાં અરજદારને બુકિંગનાં ભરેલ નાણાં કરવામા આવશે તો ભરેલ નાણાં પૂરેપૂરા પરત કરવામા આવશે.

૧૬ સરદાર પટેલ સ્ટેડીયમની ફક્ત બુકીંગ ની કામગીરી એસ્ટેટ વિભાગની રહેશે. તે સિવાયની બાકીની તમામ કામગીરી ડાયરેકટરશ્રી પાર્કસ એન્ડ ગાર્ડન વિભાગની રહેશે.

૧૭. ઉપરોક્ત નિયમોનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. કોઇપણ સંસ્થાને ગ્રાઉન્ડ ઉપયોગ કરવા દેવા અંગેનો આખરી નિર્ણય મ્યુનિ.કમિશનરશ્રીનો રહેશે.

તા.  /  /૨૦  અરજદાર ની સહી/સિક્કો